# પાલનપુરમાં પીવાના પાણીના બે કનેક્શન કપાયા

## ગેરકાયદેસર કનેક્શન રેગ્યુલાઈજ કરવાની કામગીરી ચાલી રહી છે.



શહેરમાં જુદી-જુદી ટીમો બનાવી પાણીના નળ કનેક્શનોની ચકાસણી કરવામાં આવી રહી છે. જેમાં ચકાસણી દરમિયાન બે રહીશો દ્વારા એક કરતા

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા વધુ પાણીના કનેક્શન લીધેલા હોવાથી પાલિકા દ્વારા બે રહીશોના નળ કનેક્શન કાપવામાં આવ્યા હતા.

પાલનપુર નગરપાલિકા પાણી પુરવઠા વિભાગ દ્વારા શહેરમાં જુદી-જુદી ચાર ટીમો બનાવી શહેરના જુદા-જુદા વિસ્તારમાં તપાસ કરવામાં આવી રહી છે. આ અંગે પાણી પુરવઠા વિભાગના સુપર વાઈઝર ચમનભાઈ સોલંકીએ જણાવ્યુ હતુ કે, શહેરમાં કુલ ૨૪ હજાર નળ કનેક્શન આવેલા છે.

જેમાંથી અંદાજીત ૨,૦૦૦ જેટલા ગેરકાયદેસર પાણીના કનેક્શનોનું જોડાણ થયેલુ હોવાની ફરીયાદોના પગલે શહેરમાં ટીમો બનાવી ચેકીંગ કરવામાં આવી રહ્યુ છે. અને ગેરકાયદેસર જણાતા કનેક્શન ધરાવતા રહીશો પાસેથી રૂ.૫૦૦ લઈ રેગ્યુલાઈજ કરાવામાં આવી રહ્યા છે.

જેમાં બે રહીશો દ્વારા પાણીના એક કરતા વધુ બે કનેક્શનો લીધેલા હોવાથી તેમના કનેક્શન કાપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ બાંધકામની સાઈડ ઉપર મંજુરી વગર જો કનેક્સન લીધેલા હોવાનું જાણવા મળશે તો તેમની પાસેથી દંડ વસુલ કરવામાં આવશે.આગામી દિવસોમાં આ દિશામાં તપાસ કરવામાં આવશે.

# પાલનપુરની પોસ્ટ ઓફીસ બહાર કોરોના ગાઈડ લાઈનનો ભંગ થયો હોવાની રાવ

## લોકો ટોળુ થઇ આધાર કાર્ડની કામગીરી કરાવતા નજરે પડ્યા

પાલનપુર જોરાવર પેલેસમાં આવેલ પોસ્ટ ઓફીસની બહાર આધાર કાર્ડની કામગીરી માટે લાઇનમાં ઉભેલા લોકો ટોળુ વળી કામગીરી કરાવતા નજરે પડ્યા હતા.અને સરકારની ગાઇડ લાઇનનો ભંગ કરવામાં આવ્યો હોવાની રાવ ઉઠી હતી. જેથી પોસ્ટ વિભાગ દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

કોરોના વાયરસની મહામારીનો વધુ ફેલાવો ન થાય તે માટે સરકાર દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અને જો તેમ છતાં સરકારની ગાઈડ લાઈનનો ભંગ કરવામાં આવે તો રૂ.૧૦૦૦ સુધીનો પોલીસ દ્વારા દંડ ફટકારવામાં આવી રહ્યો છે. તેમ છતાં જાણે લોકો સુધરવાનું નામ ન લેતા હોય તેમ પાલનપુર જોરાવર પેલેસમાં આવેલ પોસ્ટ ઓફીસમાં આધારકાર્ડ નવા બનાવવા તેમજ આધાર કાર્ડમાં સુધારણા માટેની કામગીરી ચાલી રહી છે.

જેમાં આધારકાર્ડની કામગીરી કરતા કર્મચારીઓ તો ગાઇડલાઈનનું પાલન કરી અંદરના ભાગે બેઠા છે. પરંતુ પોસ્ટની બહાર ઉભેલા અરજદારો પાસે સરકારની ગાઇડલાઈનનું પાલન કરાવવામાં ન આવતુ હોવાનું જોવા મળ્યુ હતુ. જેમાં અરજદારો આધાર કાર્ડની કામગીરી માટે ટોળે વળી સરકાર ની ગાઇડ લાઇનનો ખુલ્લેઆમ ભંગ કરતા જોવા મળી રહ્યા છે. જેથી પોસ્ટ વિભાગ દ્વારા પોસ્ટ બહાર આધાર કાર્ડની કામગીરી માટે ઉભેલા અરજદારો પણ કોરોના ગાઇડ લાઇનનો ભંગ ન કરે અને તકેદારી રાખવામાં આવે તેવા પોસ્ટ વિભાગ દ્વારા પ્રયાસો કરવામાં આવે તે જરૂરી છે.


### ખેડબ્રહ્મા અર્બન હેલ્થ સેન્ટરના નામનો સિક્કો લગાવેલ

# કોવિડ-૧૯ રીઝલ્ટના ફોર્મ બજારમાં કોરા લઈને ફરતા ચર્ચાનો મુદો બન્યો

## તાલુકા હેલ્થ ઓફીસરની રહેમ નજર હેઠળ સર્ટી કોરા ફરી રહ્યા છે

ખેડબ્રહ્મા, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લા દિનપ્રતિદિન કોરોના સરેરાશ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ થી ૧૮ પોઝિટિવ કેસોની સંખ્યા જોવા મળે છે. ત્યારે આરોગ્ય વિભાગના અધિકારીની એક બેદરકારી સામે આવી છે. ખેડબ્રહ્મા અર્બન હેલ્થ સેન્ટરના નામનો સિક્કો મારેલ કોવિડ-૧૯ રીઝલ્ટ નામના કોરું ફોર્મનો હાલમાં ઈડરમાં એક ઈસમ જે કલર ઝેરોક્ષ કરાવવા માટે શહેરમાં ફરી રહ્યો છે. તે બહુ ગંભીર બાબત છે જો આવી રીતે આરોગ્ય વિભાગની બેદરકારી રહેશે તો કેટલાય લોકો કોરોના રિપોર્ટ કરાવ્યા વગર જ રિપોર્ટમાં સહી કરી જેનો દુરુપયોગ કરશે તેમજ આ કોવિડ-૧૯ રીઝલ્ટ સિક્કા મારેલા ફોર્મનો કેટલો





દુરુપયોગ થયો હશે અને થશે તે વિચારવા જેવું છે. સાબરકાંઠા જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી આ બાબતની તપાસ કરશે કે ઘી નું ઠામ ઘીમાં ઠરી જશે.

# પાલનપુરના વિકાસ નકશામાં બે વાંધા અરજી આવી

## ૬૦ દિવસ સુધી વાંધા અરજીઓ સ્વિકારવામાં આવશે

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા નો વિકાસ નકશો લોકોને જોવા માટે પાલિકાની લોબીમાં મુકવામાં આવ્યો છે. જેમાં ત્રણ દિવસમાં બે વાંધા અરજીઓ તે નકશાને લોકોને જોવા માટે અને કોઈ વાંધા હોય તો સુચન માટે મુકવામાં આવ્યો હતો.

જેમાં ત્રણ દિવસ દરમિયાન બે વ્યક્તિ ઓને



આવી હતી. જોકે, વાંધા અરજીઓ ૬૦ સુધી સ્વિકારવામાં આવશે.

પાલનપુર નગર પાલિકાના સુત્રોએ જણાવ્યુ હતુ કે, અગાઉ તૈયાર કરેલ વિકાસ નકશામાં વિસંગતા જણાતા તે નકશો રદ થયો હતો.જેના પગલે ફરી બેઠક યોજાઇ હતી. અને ભાજપ દ્વારા બહુમતીથી વિકાસ નકશાને મંજુર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ડી.પી.રોડનો પ્રશ્ન હોવાથી પાલિકામાં વાંધા અરજી રજુ કરવામાં આવી છે. અગાઉ રદ થયેલા વિકાસ નકશાની મોટાભાગની ત્રુટીઓનું નિરાકરણ લાવવામાં આવ્યુ છે. તેમ છતા ૬૦ દિવસમાં વાંધા અરજીઓ આવશે તેને એકત્રીત કરી તેના પર અભ્યાસ કરી વિકાસ અધિનીયમ ૧૯૭૬ મૂજબ કાર્યવાહી કરવામાં આવશે.




## ધનસુરામાં કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં પોસ્ટર લગાવાયા

ધનસુરાના મોતીવેણી અને પોસ્ટ ઓફિસ પાછળના વિસ્તારમાં કોરોનાના ૧-૧ કેસ નોંધાયા હતા જેને લઈને ધનસુરા ગ્રામ પંચાયત અને આરોગ્ય ટીમ ધ્વારા વિવિધ કામગીરી કરવામાં આવી. આ વિસ્તારમાં ગ્રામ પંચાયત અને આરોગ્ય ટીમ ધ્વારા કન્ટેન્ટમેન્ટ વિસ્તારના પોસ્ટર લગાવવામાં આવ્યા હતા. સાથે સર્વે અને સેનેટાઈઝિંગની કામગીરી કરવામાં આવી હતી. ધનસુરામાં પોસ્ટ ઓફિસ પાછળ ૩૮ વર્ષિય પુરુષ અને મોતીવેણી કંપામાં ૬૪ વર્ષિય સ્ત્રીને કોરોના પોઝિટીવ આવ્યો છે જેને લઈને આ વિસ્તારમાં આરોગ્યની ટીમ ધ્વારા સર્વે કરવામાં આવ્યો હતો અને આ વિસ્તારોને નિયંત્રિત વિસ્તાર જાહેર કરવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટર ધ્વારા આ વિસ્તારોને કન્ટેનમેન્ટ એરીયા જાહેર કરવામાં આવ્યા છે. ધનસુરાના મોતીવેણી કંપા અને ધનસુરા પોસ્ટ ઓફિસ પાછળના વિસ્તારને કન્ટેનમેન્ટ એરીયા જાહેર કરવામાં આવ્યો છે જેથી ગ્રામ પંચાયત અને આરોગ્ય ટીમ ધ્વારા વિવિધ કામગિરી કરવામાં આવી હતી. ધનસુરા તાલુકામાં અત્યાર સુધી ૮૦ કેસ નોંધાયા છે હાલ ૪ કેસ એક્ટિવ છે.

# બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં ૧૪ બેઠકો બિનહરીફ

## સેવા મંડળી અને વ્યક્તિ વિભાગની કુલ ૧૭ બેઠકો પૈકી ૩ બેઠકો પર બબ્બે ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના નિયામક મંડળના ૧૭ સભ્યોની ચૂંટણી ઉમેદવારીપત્ર પરત ખેંચવાના અંતિમ દિવસે મોટાભાગના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચતા ૧૪ બેઠકો બિન હરીફ થઈ છે. જ્યારે ત્રણ બેઠક પર બબ્બે ઉમેદવારો ના ફોર્મ ચાલુ રહ્યા હોઈ આ બેઠક પર ચૂંટણી જંગ જામશે.

બનાસકાંઠા જિલ્લામાં સહકારી ક્ષેત્ર સમરસતા મજબૂત બની રહી હોય તેમ તાજેતરમાં બનાસડેરીની ચૂંટણી બિન હરીફ સંપન્ન થયા બાદ જિલ્લા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં પણ સહકારી આગેવાનોના પ્રયાસથી ૧૭ બેઠકો પૈકી ની ૧૪ બેઠકો બિનહરીફ થઈ છે. જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ ના ૧૭ વિભાગના નિયામક મંડળના સભ્યો ની ચૂંટણી માટે ૪૮ જેટલા ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેને લઈ સહકારી આગેવાનોએ આ ચૂંટણીને સમરસ કરવાના પ્રયત્નો હાથ ધરતા ૧૪ બેઠકો બિન હરીફ થવા પામી છે. જ્યારે ઝોન ૬ ડીસા, લાખણી,ધાનેરા સામાન્ય બેઠક પર બે ઉમેદવાર,ઝોન ૮ કાંકરેજ વિભાગ સામાન્ય માં બે ઉમેદવાર અને ઝોન ૪ દાંતીવાડા, ડીસા સામાન્ય બેઠક પર બે ઉમેદવાર મેદાન માં હોઈ આ ત્રણ બેઠકો પર જરૂર પડે તા.૨૮ ડિસેમ્બર ના રોજ ચૂંટણી યોજવામાં આવશે. અને તા.૨૯ ડિસેમ્બર ના રોજ મતગણતરી પૂર્ણ થયા બાદ પરિણામ જાહેર કરાશે.

### મોડાસાની માણેકબાગ સોસાયટીમાં

# વિદેશી દારૂનો વેપલો કરનાર આકાશ મલખાનીને ટાઉન પોલીસે દબોચ્યો

મોડાસા, તા. ૨૦

ગાંધીના ગુજરાતમાં દૂધ કરતા દારૂ વધુ વેચાતો હોવાની બૂમો અનેકવાર ઉઠી છે અરવલ્લી એસપી સંજય ખરાતના આગમન પછી બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે ખુદ પોલીસતંત્રના કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ બુટલેગરો સાથે ઘરાબો ધરાવતા હોવાનું પોલીસવડાને ધ્યાને આવતા સસ્પેન્ડ કરી દેતા હોવાથી આવા લોભિયા અને લાલચુ અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

મોડાસા શહેરમાં દેશી-વિદેશી દારૂની ખુલ્લેઆમ ધમધમતી હાટડીઓ અને વિદેશી દારૂની હોમડિલેવરી કરવાનું રેકેટ વર્ષોથી ચલાવતા બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા છે તેમ છતાં હજુ પણ જીલ્લામાં છાનેછપને વિદેશી દારૂનો વેપલો થઈ રહ્યો છે. મોડાસા ટાઉન પોલીસને પ્રોહિબિશન ડ્રાઈવ દરમિયાન



માણેકબાગ સોસાયટીમાં આકાશ મલખાની વિદેશી દારૂનો વેપલો કરતો હોવાની બાતમી મળતા ત્રાટકી રસોડામાં કેરેટમાં સંતાડી રાખેલ ૬ બોટલ દારૂ જપ્ત કરી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

મોડાસાની રામપાર્ક સોસાયટી નજીક આવેલી માણેકબાગ સોસાયટીના ૧૩૬ નંબરના મકાનમાં રહેતો આકાશ ત્રીકમદાસ મલખાની નામનો યુવાન વિદેશી દારૂનું વેચાણ કરતો હોવાની બાતમી મળતા ટાઉન પોલીસ આકાશ મલખાનીના ઘરે ત્રાટકી ઘરમાં તલાસી લેતા રસોડામાં કેરેટમાં સંતાડી રાખેલ ઓફિસર ચોઈસ વિહ્સકીની બોટલ નંગ-૬ કીં. રૂ.૩૬૦૦ જથ્થો મળી આવતાં ટાઉન પોલીસે આકાશ મલખાનીને ઝડપી પાડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જાતિના દાખલા માટે બે જિલ્લાની કચેરીઓ વચ્ચે ધક્કા ખાતો યુવાન

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા તાલુકાના ગોતાકમ્પાના હીરાલાલ હરિજનના વર્ષો પહેલા મોડાસા ખાતે લગ્ન થયા હતા લગ્ન બાદ તેમના પત્ની રતનબેનના આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ સહિતના આધાર પુરાવા ગોતાકમ્પાના છે. રતનબેનની ઉમર હાલ ૫૨ વર્ષની છે અને તેમની કિડનીમાં તકલીફ થતા સારવાર માટે અમદાવાદ સિવિલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યા સરકારી સહાય વગેરેનો લાભ મેળવવા જાતિનું પ્રમાણપત્ર રજૂ કરવાનું જણાવવામાં આવ્યું હતું. રતનબેનના પુત્ર ચેતનકુમાર ધ્વારા ગત ૧૫ ડિસેમ્બરે આધાર પુરાવા સાથે ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકારીને અરજી કરી હતી. કચેરી ધ્વારા રતનબેનના પિયરનું પેઢીનામું રજુ કરવાનું જણાવવામા આવ્યું હતું, મોડાસાનું પેઢીનામું રજૂ કરવામાં આવતા ખેડબ્રહ્મા ટીડીઓ ધ્વારા પેઢીનામાં આધારે આ દાખલો ખેડબ્રહ્માથી મળવા પાત્ર ના હોઈ મોડાસા ખાતેથી મેળવવાનું જણાવવમાં આવ્યું હતું.

અરજદારના તમામ પુરાવા સાથે મોડાસા મામલતદાર કચેરીમાં અરજી કરતા ત્યાંથી પણ પ્રમાણપત્ર ના આપી ખેડબ્રહ્માના આધાર પુરાવા હોઈ ત્યાંથી મેળવવાનું જણાવવામાં આવ્યું હતું. ચેતનકુમાર છેલા એક સપ્તાહથી ખેડબ્રહ્મા અને મોડાસાની કચેરીઓના ધક્કા ખાઈ રહયા હતા પણ પ્રમાણપત્ર ના મળતા છેવટે સાબરકાંઠા કલેક્ટરને રજુઆત કરવામાં આવી છે.

આ અંગે ચેતનકુમાર હરિજનના જણાવ્યા અનુસાર તેમની માતા રતનબેનની એક જ કિડની છે અને તેની પણ સારવાર ચાલુ છે તેની સારવાર માટે જાતિનું પ્રમાણપત્ર જોઈએ છે જો મારી માતાને કાઈ થયુ તો તેની જવાબદારી કયો અધિકારી લેશે.

આ અંગે મોડાસા મામલતદાર કચેરીના જણાવ્યા અનુસાર અરજદારના આધાર પુરાવા ખેડબ્રહ્મા તાલુકાના હોઈ આ દાખલો ત્યાંથી મેળવવાનો થાય છે.

જ્યારે ખેડબ્રહ્મા તાલુકા વિકાસ અધિકરીના જણાવ્યા અનુસાર મહિલાનું જાતિનું પ્રમાણપત્ર તેના પિતાના પેઢીનામાં આધારે થતુ હોઈ આ દાખલો મોડાસા થી જ મળવા પાત્ર છે.

ખેડબ્રહ્મા શહેરના કાયદાકીય જાણકારના જનાવ્યા અનુસાર ગુજરાત સરકારના જાતિના પ્રમાણપત્રના ઓનલાઈન ફોર્મેટમાં મહિલાના નામ બાદ પિતાનું જ નામ આવતું હોય છે. આ ફોર્મેટમાં પતિના નામનો કોઈ ઉલ્લેખ કરવામાં આવતો નથી અને મહિલાના કિસ્સામાં તેમનો દાખલા પિયારની લાગતી કચેરીમાંથી જ નીકળતા હોય છે.

આ ફોર્મેટના કારણે ઘણી મહિલાઓને બે કચેરીના ધક્કા ખાવા પડી રહ્યા છે જો સરકાર આ જાતિના પ્રમાણપત્રના ફોર્મેટમાં સુધાર બાબતે ફરાર વિચારણા કરે તે જરૂરી છે.

### અરવલ્લી પોલીસની મેગા પ્રોહિબિશન ડ્રાઈવમાં

# છારાનગરની ૧૨ મહિલા બુટલેગર અને ૪ પુરૂષ બુટલેગર સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા દોડધામ

મોડાસા, તા. ૨૦

મોડાસા તાલુકાના શામળાજી રોડ પર આવેલ છારાનગર (જીવણપુર) વિસ્તારમાં દેશી દારૂ ગાળવામાં અને વેચાણ કરવા માટે સમગ્ર જીલ્લામાં નામચીન બન્યો છે. છારાનગરના દેશી દારૂનો નશો જ કઈ અલગ હોવાથી અરવલ્લી સાબરકાંઠા, ગાંધીનગર,



અમદાવાદ, ખેડા અને પંચમહાલ સુધી માંગ રહે છે છારાનગરના મોટા ભાગના પરિવારે ઘર આગળ કે ખેતરમાં દેશી દારૂ ગાળવાનો ગૃહ ઉદ્યોગ ચાલવી રહ્યા છે.

આ દેશી દારૂના પીઠા અંગે જિલ્લાના પોલીસ વડા સંજય ખરાતના ધ્યાને આવતાં વિભાગીય પોલીસવડા ભરત બસીયાની રાહબરી હેઠળ ગત શુક્રવારે વહેલી સવારે એલસીબી પીઆઈ આર.કે. પરમાર, એસઓજી પીઆઈ ભરવાડ, પેરોલ ફર્લો પીએસઆઈ કે.એસ. સીસોદીયા તેમની ટિમો સાથે ત્રાટકી દેશી દારૂની ભટ્ઠીઓ તોડી પાડી ભટ્ઠીઓ અને રહેણાંક મકાનોની આજુબાજુ પતરાના પીપોમાં રાખવામાં આવેલ ૧૧૩૧૦ લીટર દારૂ ગાળવા વપરાતા વોંશનો જથ્થો જપ્ત કરી ૧૨ મહિલાઓ સહિત ૧૬ વોન્ટેડ બુટલેગરો વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

# મોડાસામાં તસ્કરોનો પડાવ, શ્રીનગર સોસાયટીના બે ઘરમાં ત્રાટકી ચોરીની ઘટનાને અંજામ આપ્યો

મોડાસા, તા. ૨૦

શિયાળાની ગાત્રો થીજવતી ઠંડી શરૂ થતાની સાથે મોડાસા શહેરમાં તસ્કરોએ જાણે પડાવ નાખ્યો હોય તેમ સતત બંધ મકાનને નિશાન બનાવી લાખ્ખો રૂપિયાની ચોરી કરીની ઘટનાને અંજામ આપી પોલીસતંત્રને પડકાર આપી રહ્યા છે. શનિવારે રાત્રે માલપુર રોડ પર આવેલી શ્રીનગર સોસાયટીમાં બે બંધ મકાનમાં તસ્કરો ત્રાટકી ૩૦ હજાર રોકડા અને સોના ચાંદીના ઘરેણાંની ચોરી કરી ફરાર થઈ જતા પોલીસ દોડી આવી હતી, રાબેતા મુજબ પ્રાથમીક તપાસ હાથ ધરી હતી તસ્કર ટોળકી અને ઘરફોડ ગેંગ સાથે હવે બાઈકમાંથી



પેટ્રોલ કાઢી લેતી ગેંગ પણ સક્રીય થતા રહીશોમાં ફફડાટ ફેલાયો હતો. સાનિયાપાર્ક સોસાયટીમાં બાઈકમાંથી પેટ્રોલ ચોરી બાઈક ઉઠાવી જવાનો પ્રયાસ થતા પોલીસ દોડતી થઈ છે શહેરમાં નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવા પ્રબળ માંગ ઉઠી છે.

મોડાસાની શ્રીનગર સોસાયટીમાં રહેતા પ્રવીણભાઈ હીરાભાઈ પટેલ તેમના મકાન બંધ કરી કામકાજ અર્થે પરિવાર સાથે બહારગામ ગયા હતા શનિવારે રાત્રી દરમિયાન ઘરનો નકુચો કાપી ઘરમાં પ્રવેશ કરી, ઘરમાં રહેલ સામાનને વેરવિખેર કરી રૂપિયા ૩૦ હજાર રોકડા અને ઘરેણાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સમગ્ર મામલે મોડાસા ટાઉન પોલીસને જાણ કરાતા પોલીસે પંચનામું કરી વધુ તપાસ હાથ ધરી હતી. મોડાસા શહેરમાં છેલ્લા ઘણાં સમયથી ચોરીના બનાવો પર નિયંત્રણ બાદ ચોરીના સતત બનાવો બનતા શહેરીજનોમાં ફફડાટ જોવા મળ્યો છે.

# 'ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોજ'ના સૂત્ર સાથે ૫ કિ.મી.ની મેરેથોન દોડ માલપુરમાં યોજાઈ

ભારતના આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ''ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત'' ''ફિટનેસકા ડોઝ-આધા ઘંટા રોજ''ના સૂત્ર સાથે સ્વર્ણિમ નહેરુ યુવા કેન્દ્ર ઑફિસર રજનીકાંતભાઈ સુથાર પણ ઉપસ્થિત રહ્યા હતા. ફિટ ઈન્ડિયા મુવમેન્ટ કાર્યક્રમ અંગે જણાવતાં હર્ષુ પંડ્યાએ જણાવ્યું હતું કે યુવાનોને ફિટનેસ માટેની તાલીમ આપવામાં આવે છે, માલપુર તાલુકામાં વધુમાં વધુ યુવાનો રમત ગમત ક્ષેત્રે આગળ વધે એજ તેઓનો મુખ્ય લક્ષ્ય છે. આ




ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી કુલપતિ ડો.અર્જુનસિંહ રાણાના માર્ગદર્શન હેઠળ, રિટાયર્ડ આર્મી જવાન, બ્રોન્ઝ મેડલ વિજેતા બાબુભાઈ પણુચાના ટ્રેઈનિંગમાં માલપુર ખાતે (૫ કિ.મી.) 'ફિટ માલપુર' મેરેથોન દોડનુ માલપુર ચાર રસ્તા ખાતેથી આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે પ્રધાનમંત્રી દ્વારા શરૂ કરવામાં આવેલી ફિટ ઈન્ડિયા મુહિમને ગુજરાતભરના ૩૩ જિલ્લા, ૨૫૨ તાલુકાઓ સુધી પહોંચાડવાની છે. જેની માટે ગુજરાતના યુવાનો ડેઈલી ફિટનેસ પ્રવુતિને પોતાના જીવનનો હિસ્સો બનાવે. રિટાયર્ડ આર્મી જવાન બાબુભાઈ દ્વારા છેલ્લા ૨ મહિનાથી સતત કાર્યક્રમમાં નિર્ભયસિંહ રાઠોડ, સુરેન્દ્રસિંહ રાઠોડ, કશ્યપ પટેલ, વિશાલ ગોર, રાજન પ્રણામી, હેરીક ઉપાધ્યાય તેમજ અન્ય નવયુવાનો જોડાયા હતા. કાર્યક્રમના અંતે અંબિકા મોબાઈલ કેર મયુરભાઈ દરજી દ્વારા દરેક યુવાનોને એન-૯૫ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.